હેપ્પી બર્થ ડે, ગાંધીનગર !

શહેર માટે 'ગાંધીનગર' નામની ઘોષણા ૧૬ માર્ચ, ૧૯૬૦ ના રોજ કરવામાં આવી હતી : રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા તારીખ ૨૩-૧૨-૧૯૬૯ ના દિવસે ગાંધીનગરને રેવન્યૂ વિલેજ તરીકે પ્રસિદ્ધ કરીને 'ગાંધીનગર' નામને મંજૂરી અપાઈ હતી

ગાંધીનગરની પ્રથમ ઇંટ તા. ૨ ઓગષ્ટ, ૧૯૬૫ના રોજ જીઈબી કોલોનીમાં સ્થિત થર્મલ પાવર સ્ટેશનના સર્કીટહાઉસના મકાનની જગ્યાએ મુકવામાં આવી હતી. એ ઐતિહાસિક ઘટનાની સ્મૃતિરૂપ તકતી પણ ત્યાં મુકવામાં આવી છે. અલબત્ત, સરકારના રેવન્યૂ રેકર્ડ પર જ્યાં સુધી નામાભિધાનનો સ્વીકાર કરવામાં ન આવે ત્યાં સુધી તેને સરકારી દરજ્જો પ્રાપ્ત થતો નથી. રાજ્યના મહેસૂલ વિભાગે તા. ૨૩-૧૨-૧૯૬૯ના દિવસે ગાંધીનગરને તેના રેવન્યૂ વિલેજ તરીકે પ્રસિદ્ધ કરીને 'ગાંધીનગર' નામને મંજૂરીની મહોર મારી હતી. સાબરમતી નદીના કિનારે વસેલું આ શહેર ૫૭ ચોરસ કિમી એટલે કે ૨૧ માઈલ જેટલા વિસ્તારમાં ફેલાયેલું છે.

શહેર માટે 'ગાંધીનગર' નામની ઘોષણા ૧૬ માર્ચ, ૧૯૬૦ના રોજ કરવામાં આવી હતી. ૧-૫-૧૯૭૦ના રોજ પાટનગર અમદાવાદથી ગાંધીનગરમાં સ્થળાંતરિત થયું અને હિતેન્દ્રભાઈ દેસાઈની આગેવાની હેઠળ મુખ્યમંત્રી સહિત ૯ મંત્રીઓ, ૭ નાયબ મંત્રીઓ અને એક સંસદીય સચિવ સહિત ૧૭ સભ્યોનું મંત્રીમંડળ ગાંધીનગર શિફ્ટ થયું. તારીખ ૩૦-૭-૧૯૭૦થી શહેર નોટિફાઈડ એરિયા જાહેર થયું. એ વખતની ગાંધીનગરની સ્થિતિ ગામડાને પણ શરમાવે તેવી હતી. બિહામણી શાંતિ આ નગરમાં વસતી હતી. રાત પડયે ઘરનાં બારી-બારણાં બંધ કરી નગર જપી જતું હતું. માત્ર ૧૪૦૦ની વસતી હતી અને એ પણ સરકારી કર્મચારીઓની.

૧૧ જુલાઈ, ૧૯૮૫ના રોજ સચિવાલય ભવન રચાયું. ૧ થી ૧૪ બ્લોકસ અને ૧ થી ૯ માળમાં આ બિલ્ડીંગ વહેચાયેલું હતું.

૧૧ ફેબ્રુઆરી, ૧૯૭૧ થી વિધાનસભા ગાંધીનગર આવી. હાલ સેક્ટર-૧૭માં જ્યાં લાઈબ્રેરી કાર્યરત છે એ મકાન વિધાનસભાનું હતું. ૨૧-૩-૧૯૭૮ના રોજ વિધાનસભાના કાયમી મકાનનો શિલાન્યાસ થયો અને ૮ જુલાઈ, ૧૯૮૨ના રોજ નવા મકાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

શહેરની રચના માટે ઇન્દ્રોડા, પાલજ, બોરીજ, બાસણ, લેકાવાડા, ધોળાકુવા, સરગાસણ, વાવોલ, કોલવડા, હડમતિયા, ફતેપુરની જમીન સંપાદન કરવામાં આવી હતી. ખેડૂતોને એકરે ૭૦૦ થી ૧૫૦૦ રૂપિયા ચૂકવાયા હતા, આજે રહેણાંક વિસ્તાર માટે પ્રતિ સ્કવેર ફૂટ ૪૫ હજાર અને કોમર્શિયલ વિસ્તારના દોઢ લાખ ભાવ તો સરકાર વસૂલે છે.

આજે ગાંધીનગર વિકાસનું પ્રતીક બન્યું છે. દેશ અને દુનિયામાં તેણે પોતાનું નામ પહોંચાડ્યું છે. શાળા, કોલેજો, યુનિવર્સિટીથી એ વિદ્યાનું ધામ બન્યું છે તો મહાત્મા મંદિર, ગિફ્ટ સિટી, દાંડી કુટિર અને અક્ષરધામને કારણે પ્રવાસનું ધામ પણ બન્યું છે. ઉપરાંત, તેની પ્રસિદ્ધ માટે અહીંની કલા, સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિઓ પણ જવાબદાર છે એ વાત સ્વીકારવી રહી.

રાષ્ટ્રપિતા ગાંધીજીના નામ પરથી રચાયેલું આ નગર આજે ગાંધીજીની માફક જ વિશ્વ પ્રસિદ્ધ બન્યું છે.

સ્મરણ... ગઈકાલનું....

ગાંધીનગરની ગઇકાલમાં શહેર તેમજ ગ્રામિણ સંસ્કૃતિ મિશ્રિત જોવા મળતી હતી. હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે અનેક આંબાવાડીઓ પણ હતી : એકબીજાના સુખ દુખ પોતાના લાગતા..સંસ્કૃતિ ભાવ, હેતના સમન્વયથી નગરમાં અનોખી શાંતિ અને સુંદરતા જોવા મળતી હતી



હુ ગાંધીનગરમાં ૧૯૭૨ માં આવ્યો ત્યારથી ભૌતિક અગવડોની અસર નથી. એમ લાગતુ જાણે વૃન્દાવનમાં આવ્યો છુ. પંચદેવ મંદિર શ્રી કૃષ્ણને રાસ રમવાનો બંસીવટ ન હોય તેવો અનુભવ થતો હતો. જ્યારે અહીંના નાગરિકો પણ ગોકુલવાસીઓ જેવા લાગતા હતા. વહીવટીનગર હોવાછતા અહીંના પ્રજાજન પ્રથમ ઉત્તમ નાગરિક બાદ કર્મચારી બની રહેતો. જેના થકી ગરવી ગુજરાતની ભાવુકતા સૌ કોઇને સ્પર્શી જતી. એકબીજાના સુખ દુખ પોતાના લાગતા..સંસ્કૃતિ ભાવ, હેતના સમન્વયથી નગરમાં અનોખી શાંતિ અને સુંદરતા જોવા મળતી હતી. આવા શહેરમાં પ્રથમ તબક્કાના નાગરિક બન્યાનો મને ગૌરવ છે.

ફુલશંકર શાસ્ત્રી
ધર્માધ્યક્ષ સે-૨૨ પંચદેવ મંદિર

દુબઇમાં ઓલ્ડ દુબઇનુ વિશેષ મહત્વ છે. ગાંધીનગરમાં પણ વિકાસ થાય પરંતુ નગરના મુળ આયોજનમાં ફેરફાર ન કરવો જોઇએ. જુના ગાંધીનગર મુજબ ઇન્દ્રોડાનો ગઢ પણ આગવુ આકર્ષણ ધરાવે છે. ગાંધીનગરની ગઇકાલમાં શહેર તેમજ ગ્રામિણ સંસ્કૃતિ મશ્રિત જોવા મળતી હતી. હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે અનેક આંબાવાડીઓ પણ હતી. મોટા બિલ્ડીંગો પણ ન હતા જ્યારે મોટા સમારોહનુ આયોજન પણ થતુ ન હતુ. વર્ષ ૧૯૭૦ માં સચિવલાયમાં પ્રવેશ પણ સાદગીથી થયો હતો. નગરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરના ઓટલેથી સે-૨૮માંથી ઉપડતી બસ દેખાતી હતી ત્યાંથી બસ ઉપડે ને મંદિરના ઓટલેથી મુસાફરો બસમાં બેસવા સે-૨૨:૨૯ ના સ્ટેન્ડર પર પહોંચી જતા

અરૂણ ભુચ
પ્રમુખ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ

ગાંધીનગરવાસીઓ નસીબદાર છે

''કલૌ સાભ્રમતી ગંગા''ના તીરે વસેલા ગરવી ગુજરાતના ગૌરવ સમા પાટનગર ગાંધીનગરને આજે તેમના વાર્ષિક દિવસે ઘણા ઘણા અભિનંદન.

વિશેષમાં રાજકીય ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, આરોગ્યને લગતી માનવ સેવાઓના ક્ષેત્રે હજુ વધુને વધુ નામના મેળવતું રહે, તેમજ શહેરમાં સદૈવ શાંતિ, સ્વચ્છતા, સુરાજકતા, સુવ્યવસ્થા વધતી રહે તેવી પ્રભુ પ્રાર્થના સાથે શુભેચ્છા.

- પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજી
સ્વામિનારાયણ મંદિર, સે. ૨૩



સુમસામ ભાસતા ગાંધીનગરમાં દાયકાઓ પુર્વે કોઇ જોવા મળતુ ન હતુ. સૌ પોતાના વતનમાં ચાલ્યા જતા હતા. સાંજ પડે અને સરકારી ઓફિસની , જી આર , સી આર, મેમો પરિપત્ર,મોંઘવારી જેવી ચર્ચાઓ કાને પડતી હતી. વહેલી સવારે શિયાળના બોલવાના અવાજ , પીળા બલ્બવાળી લાઇટો, સર્કલો વચાળે બેઠેલી ગાય, સેકટરોના બગીચા, વોલીબોલ ટુર્નામેન્ટ તેમજ નવરાત્રિમાં શેરી ગરબાની સ્પર્ધા પણ જામતી .. ઓછી વસતી અને ગ્રામિણ વાતાવરણનો ટચ પણ નગરજના જનજીવનમાં જોવા મળતો. એક વો ભી જમાના થા.. એક યે ભી જમાના હૈ....

લક્ષ્મણસિંહ રાજપુત (કીશોર ઇન્ડીસ્ટ્રીયુટ)



સ્વપ્ન... આવતીકાલનું....

ગાંધીનગર અડદી સદી કરી વધુ સફર પુરી કરી વધુ એક નવા આયામ તરફ આગળ વધી રહ્યું છે. એક કર્મચારી નગરમાંથી ''શહેર''ની ઓળખ કેળવવા સજ્જ બનેલા ગાંધીનગરનું ભાવિ ખૂબ ઉજ્જવળ જણાય છે. શહેરના યુવાનોમાં નવો જોશ અને નવો ઉમંગ ઉભરી રહ્યો છે અને તેમની દૃષ્ટિએ આ શહેરનું ભવિષ્ય કેવું હશે એ જાણવા ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો છે જે અત્રે સંક્ષિપ્તરૂપે પ્રસ્તુત છે.

ગાંધીનગર વિવિધ ક્ષેત્રે ''આઈકોનિક મોડેલ ઓફ ઈન્ડિયન પ્લાન્ડ સિટીઝ'' બનશે

''ગાંધીનગરના સ્થાપના દિવસે આવા સુંદર અને સુખાકારીભર્યા નગરમાં જીવવાનો અવસર પામેલા નાગરિકોને અભિનંદન. આ શહેરની આવતીકાલ એ તેના સુવર્ણ ભૂતકાળ કરતાં પણ વધુ સુંદર હશે અને આ શહેરમાં ભૌતિક સુવિધાઓ સાથે સાથે કુદરતના સાનિધ્ય અને સૌંદર્યમાં હજુ વધારો થશે તેવી અપેક્ષા છે. ગાંધીનગર ભવિષ્યમાં પર્યાવરણ જતન તથા સંવર્ધન તેમજ નાગરિકોની સુખાકારીયુક્ત જીવનની સાથે સાથે વેપાર, આર્થિક, આરોગ્ય, શિક્ષણ તેમજ રિન્યુએબલ એનર્જી તથા સાંસ્કૃતિક ક્ષેત્રે ''આઈકોનિક મોડેલ ઓફ ઈન્ડિયન પ્લાન્ડ સિટીજ'' બનશે તેવી અપેક્ષા સાથે શુભેચ્છા પાઠવું છું.''

- આકાશ અગ્રાવત
સેલ્ફ એમ્પ્લોઈડ તથા પ્રકૃતિપ્રેમી સ્વયંસેવક



''ગાંધીનગર રાજ્યનું શ્રેષ્ઠ શહેર છે અને હવે તેમાં વધુ ગ્રામ્ય વિસ્તારનો ઉમેરો કરવામાં આવતાં તેનો વિકાસ ખૂબ ઝડપી બનશે. ગીફ્ટ સિટી જેવા વિસ્તારોમાં નાગરિકોને રોજગારીની સારી એવી તકો પ્રાપ્ત થઈ રહી છે તેમજ સચિવાલય પણ કર્મચારીઓ માટે ઉત્તમ કાર્ય સ્થળ છે. આપણે હવે દેશના ૧૦૦ સ્માર્ટ સિટીમાં સામેલ થવા જઈ રહ્યાં છીએ ત્યારે શહેરના નાગરિકોને સુવિધાઓ પણ ''સ્માર્ટ'' ટેકનોલોજી સાથે મળે તે જરૂરી છે. વહીવટીતંત્રએ નાગરિકોને તેમની અગત્યની જાણકારી તથા મહત્વની સેવાઓનો સુચારૂ રીતે ઉપયોગ કરી શકે તેના પર ધ્યાન આપવું જોઈએ. મને ગાંધીનગર એક મોટું શહેર બનશે તેવો તેનો વિકાસ દેખાઈ રહ્યો છે.''

- પ્રિયંકા પરમાર
એનએસએસ સ્વયંસેવક

''ગાંધીનગરવાસીઓને સ્વસ્થ અને સલામત રહેવાની શુભેચ્છા સાથે વર્ષોથી ''ગ્રીન સિટી'' તરીકે ઓળખાતુ આ શહેર ''ક્લીન સિટી'' તરીકે પણ ઓળખાશે. આ માટે શહેરના નાગરિકો અને સ્વયંસેવકો પણ કર્મચારીઓ સાથે મળીને મહેનત કરી રહ્યાં છે તેનો મને ગર્વ છે. હું મારી નરી આંખથી ગાંધીનગરનું ભવિષ્ય જોઈ રહી છું જેમાં આ શહેર એક એવું સંપૂર્ણ શહેર બનવા જઈ રહ્યું છે જે બીઝનેસ હબ હોવા સાથે તેમાં હોસ્પિટલ્સ, ફન પોઈન્ટ્સ, શોપીંગ મોલ્સ, ગાર્ડન્સ વગેરેનો એવો વિકાસ થશે કે તેનાથી અહીં વસતા નાગરિકો માટે જીવન સહુલિયતભર્યુ બનશે.''

- વિવેકા પટેલ
યુવા અભિનેત્રી

''ગાંધીનગર શહેરની રીતે મોટા રસ્તા અને ભરપૂર હરિયાળીવાળું શહેર છે પરંતુ આગામી સમયમાં બાંધકામ ક્ષેત્રે પણ ખૂબ સારી પ્રગતિ થશે. ગાંધીનગર અને અમદાવાદ તો જાણે એક જ શહેર થઈ જશે પરંતુ રહેવા માટે તથા શિક્ષણ માટે ગાંધીનગરમાં ખૂબ સારો સુનિયોજિત વિકાસ થઈ રહ્યો છે. આ સાથે ગીફ્ટ સિટીનો પણ મોટા પાયે વિકાસ થઈ રહ્યો છે, નવી ટાઉન પ્લાનિંગ સ્કીમમાં નવા નાગરિકો આવતા નવા વેપાર-ધંધા પણ વિકાસ પામશે. મહાત્મા મંદિર તથા તેની પાસે વિક્સી રહેલ ફાઈવ સ્ટાર હોટેલ, નવું રેલવે સ્ટેશન અને મેટ્રો ટ્રેન વિકાસનું આકર્ષણ બની રહેશે.''

- નિસર્ગ પટેલ
હરિગ્રુપ

''ગાંધીનગર સૌના સાથ-સહકારથી વિક્સતુ શહેર છે અને હવે ગીફ્ટ સિટી વગેરેને લીધે શહેરમાં નીતનવી કંપનીઓ આવી રહી છે. પહેલાં શહેરમાં માત્ર ૩૦ સેક્ટર હતાં હવે તો ન્યુ ગાંધીનગર પણ ઝડપી વિક્સી રહ્યું છે. ગાંધીનગર રાજ્યનું રાજકીય પાટનગર હોવાથી તેનો લાભ પણ મળી રહ્યો છે. શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ સારી છે જે હજુ વધુ વિકસિત થશે. અત્યારે કોરોના મહામારી દરમ્યાન લોકડાઉનમાં પોલીસતંત્ર તથા તમામ સરકારી વહીવટી સ્ટાફ નાગરિકો અને વેપારીઓને ખૂબ મદદરૂપ બન્યાં હતા તે આવકારદાયક બાબત છે અને તે જ ભાવનાથી આ શહેર આગળ વધી રહ્યું છે.''

- મોહિત ગોપલાણી
વેપારી, લક્ષ્મીબેકરી, સે. ૨૧

''ગાંધીનગર અત્યાર સુધી નિવૃતોનું નગર હતુ પરંતુ વર્તમાન સ્થિતિમાં આ નગરે શિક્ષણ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે ખૂબ સારી પ્રગતિ કરી છે એ જોતાં આગામી સમયમાં સારી માળખાકીય સુવિધા સાથે સુંદર રીતે વિકસિત થશે અને ''એજ્યુકેશન હબ'' તેમજ ''આઈટી હબ'' તરીકે ઓળખાશે. આ સાથે આ શહેરની ક્ષમતા ભવિષ્યમાં મેટ્રો નગરી તરીકે ઓળખાવાની છે. અહીં અન્ય રાજ્યોમાંથી જ નહીં પરંતુ વિદેશના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ માટે આવશે. આ શહેર ચોક્કસ એક નવી ઓળખ અને નવી છબી વિકસિત કરશે.''

- કુણાલ વ્યાસ
પૂજા પાર્લર

''ગાંધીનગરની આવતીકાલ ઘણી ઉજ્જવળ દેખાય છે. આ શહેરની સ્થાપના થઈ ત્યારથી તેનો સતત વિકાસ થતો જ અનુભવાયો છે. આ શહેરમાં તકો ક્યારેય ખૂટવાની નથી પરંતુ મને પાટનગરમાં વિકસાવાયેલા મહાત્મા મંદિર, સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન તથા હવે ફાઈવ સ્ટાર હોટેલને કારણે ભવિષ્યમાં પ્રવાસન ક્ષેત્રે પણ ખૂબ વિકાસ દેખાઈ રહ્યો છે. ગીફ્ટ સીટીમાં ઘણી કંપનીઓ આવી રહી છે તેથી શહેરમાં જુની પેઢીએ કલ્પના નહીં કરી હોય તેવો વિકાસ થશે અને આ શહેર ''અમદાવાદના પડછાયા''માંથી ચોક્કસ બહાર આવી પોતાની નવી ઓળખ ઉભી કરશે.''

- મહર્ષિ રાવલ
મોટિવેશન સ્પીકર

''શહેરના તમામ રહીશોને શુભેચ્છાઓ. જે રીતે ગાંધીનગરમાં યુવા તબીબો આવી રહ્યાં છે, સ્પેશ્યિાલિટી અને સુપર સ્પેશ્યિાલિટી હોસ્પિટલ બની રહી છે. તે પણ લેટેસ્ટ ટેકનોલોજી સાથે તેમજ તેમાં નિષ્ણાંત તબીબો તેમાં સેવાઓ આપી રહ્યાં છે તે જોતાં આવનારા કેટલાક વર્ષોમાં ગાંધીનગર એક ઉત્તમ ''મેડીકલ હબ'' બનીને ઉભરી શકે છે અને ગુજરાતના અન્ય જિલ્લાઓના દર્દીઓને પણ પુરતી સારવાર આપી શકે તેવો વિકાસ પ્રાપ્ત કરશે કેમ કે તેવી ક્ષમતા આ શહેર ધરાવે છે.''

- ડો. વિવેક વાછાણી
ઓર્થોપેડિક સર્જન, વાછાણી ઓર્થો હોસ્પિટલ

''૨૦૨૧ નું ગાંધીનગર વિકાસ સાથે પર્યાવરણીય સંતુલનની જાળવણી તેમજ સંવર્ધન આવશ્યક છે. ગાંધીનગર એક ગ્રીન સિટી છે. તેમ છતાંય આપણે ઘણાય વાતાવરણ સંબંધિત સમસ્યા અનુભવ કરીએ છીએ. ઘણીવાર આપણે ગરમીનો અનુભવ કરીએ છીએ. જ્યારે સ્માર સિટી બનાવવા મોટી ઈમારતો ઉભી કરીએ છીએ ત્યારે પણ આપણે જુના વૃક્ષોની સલામતી કરવી જોઈએ. હવે આપણી જવાબદારી છે કે ગ્રીનસિટીનું નામ જીવંત રાખીએ.''

- રાવત રીના
(ફૂટબોલ કોચ)

''ગાંધીનગરના નાગરિક તરીકે મને હંમેશા પ્રાઉડ ફીલ થાય છે. ગાંધીનગર એક વેલ પ્લાન્ડ ઓર્ગેનાઈઝેડ, સેઈફ અને સ્વચ્છ સીટીનું ઉદાહરણ સેટ કરે છે. ભવિષ્યના ગાંધીનગર માટે મારી ઈચ્છા છે કે ડિઝીટાઈલેશન અને મોર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ફોકસમાં રાખતા બીજા શહેર માટે ગાંધીનગર એક સ્માર્ટ સીટીનું ઉદાહરણ સેટ કરે. અને સાથે ગાંધીનગરની કુદરતી ગ્રીનરી સચવાઈ રહે અને ગાંધીનગર એક સ્માર્ટ સીટી બને.''

- યુવરાજસિંહ જાડેજા એમ.બી.એ. સ્ટુડન્ટ

સમગ્ર વિશ્વમાં હરિયાળા શહેર તરીકે જાણીતું શહેર એટલે ગુજરાતનું પાટનગર ગાંધીનગર.આ શહેર વેલ પ્લાન્ડ સીટી છે.તેનું વિભાજન સુંદર રસ્તાઓ, સર્કલો અને વિવિધ સેક્ટરોમાં થયેલું છે.શહેરમાં વિકસિત થયેલું મહાત્મા મંદિર, ઇ-૪ ની આજુબાજુનો ગાર્ડન, દાંડીકુટીર, વિધાનસભા વગેરે જગ્યાઓ આગવી ઓળખ ધરાવે છે અને શહેર વિકસિત થઈ રહ્યું છે અને સ્માર્ટસીટી બનવા તરફ જઈ રહ્યું છે.

મારા મત મુજબ આવતીકાલનું ગાંધીનગર સંપૂર્ણ સ્માર્ટસીટી અને આંદોલનમુક્ત શહેર હોવું જોઈએ.

એક બાજુ વાત કરું તો ગાંધીનગરમાં સરકારના અને રાજકારણીઓના ભ્રષ્ટાચારથી શહેરીજનો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.હાલમાં પડેલાં પહેલાં જ વરસાદથી આખા શહેરમાં ઠેર-ઠેર ભુવાઓ પડ્યાં હતાં અને આવી રીતે અનેક વિભાગોમાં થતાં ભ્રષ્ટાચારથી ગાંધીનગર ક્યારેય સંપૂર્ણ સમાર્ટસીટી બની શકશે નહીં.

બીજી બાજુ વાત કરું તો આખા ગુજરાતનો વહીવટ ગાંધીનગરથી થતો હોવાથી શહેર આંદોલનનું હબ બની ગયું છે.સરકાર, રાજકારણીઓ અને અધિકારીઓના સ્વાર્થ અને સંકલનના અભાવથી રાજ્યના યુવાનો તેમજ વિદ્યાર્થીઓ, સરકારી તેમજ ખાનગી કર્મચારીઓ, ખેડૂતો, શિક્ષકો વગેરે શહેરમાં આંદોલનના ધામા નાંખી રહ્યા છે અને ગાંધીનગરની શોભા બગડી રહી છે માટે આવી જ રીતે આંતરીક ઝઘડાથી ગાંધીનગર ક્યારેય આંદોલનમુક્ત બની શકશે નહીં.

તેથી તંત્ર સ્વાર્થમુક્ત અને ભ્રષ્ટાચાર મુક્ત બનીને જનતા સામે જોશે તો ચોક્કસપણે ગાંધીનગર મારા મત મુજબનું સંપૂર્ણ સ્માર્ટસીટી અને આંદોલનમુક્ત બનશે.

-કુશ ઉદેચા (સિવિલ એન્જિનિયર સ્ટુડન્ટ)

મારા મતે ભવિષ્યનું ગાંધીનગર પહેલાંની જેમ હરિયાળું ગાંધીનગર હોવું જોઈએ..

ભૂતકાળમાં ગાંધીનગર હરિયાળા પાટનગર અને શાંત વાતાવરણના કારણે ઓળખાતું હતું એ વાતાવરણ હવે રહ્યું નથી. આવતીકાલના ગાંધીનગરમાં ભૌતિક વિકાસની સાથે પક્ષીઓનો કલરવ અને પ્રાણીઓનો ગુંજારવ કાયમ રહેવો જોઈએ કારણ કે ગાંધીનગરની મુખ્ય ઓળખ ગાંધીનગરના વૃક્ષો, હરિયાળી અને તેનું શાંતિમય વાતાવરણ હતી જે ભવિષ્યમાં ફરીથી પાછી મળવી જોઈએ. આજની પરિસ્થિતિ પ્રમાણે અર્બન ડેવલોપમેન્ટ થવું જરૂરી છે પરંતુ તેની સાથે સાથે ગાર્ડન , વૃક્ષો નું વેલ ઁપ્રિઝ્ઝર્વેડીઝ્ઝ ડેવલોપમેન્ટ થાય તે પણ એટલું જ જરૂરી છે. ગાંધીનગરની ઓળખ ઁઝ્ઝ્ર સિટી તેમ જ જ્દ્ધઝ્ઝ્ઝ્ઝિંગ બને એ ખુશીની જ વાત છે પરંતું, ઝ્ઝઈઈદ્ર ઝ્રૈંરૂ ના ભોગે તો નહીં જ!

માટે મારા મતે નવા ગાંધીનગર ની કલ્પના માં ગાંધીનગર ની જૂની ઓળખ હરિયાળું પાટનગર પાછી મળે એ વિષય પર કામ કરવું જોઈએ..

-પાર્થ દક્ષિણી (સિવિલ એન્જિનિયર)